


## એક–એક દાણાની પાછળ...

મહર્ષિ રમણ દક્ષિણ ભારતના પ્રસિદ્ધ સાધુપુરુષ હતા. એક દિવસ મહર્ષિએ રસોડામાં ચોખાના દાણા વેરાયેલા જોયા. તેઓએ તરત જ દાણા વીણવાનું કામ શરુ કર્યું. ઈશ્વરપ્રાપ્તિ માટે ઘરબાર સહિત બધું જ છોડી ચૂકેલા મહર્ષિને મુઠ્ઠીભર દાણા વીણતાં જોઈ એક ભકતને નવાઈ લાગી. તેણેમહર્ષિને કહ્યું,

‘કોઠારમાં ચોખાની અનેક ગુણીઓ ભરેલી પડી છે. આપ મુઠ્ઠીભર ચોખા માટે આટલી તકલીફ શા માટે ઉઠાવો છો ?’

ક્ષણભર રોકાઈને મહર્ષિએ ભકત તરફ જોઈને કહ્યું, ‘આ ફકત ચોખાના દાણા નથી. ચોખાના આ દાણામાં સમુદ્રનું પાણી છે, સૂર્યની ઉષ્ણતા છે, જમીનની ઊર્જા છે અને ખેડૂતનો ખૂનપસીનો છે. ચોખાના પ્રત્યેક દાણા પાછળ સામૂહિક તપશ્ચર્યા છે. આ તપશ્ચર્યાને સમજયા પછી તેના પ્રત્યેક દાણામાં તને ઈશ્વરનો અંશ દેખાશે. આની અનુભૂતિ થઈ ગયા બાદ એક દાણાને પણ પગ નીચે કચરવાની તારી હિંમત નહિ ચાલે.’

આ સાંભળી ભકત પણ મહર્ષિ રમણ સંગાથે દાણા વીણવા લાગ્યો.

સૌજન્ય : પ્રબોધિકા – ૮૧